# રેગ્યુલર દિવાની મુકદમા નં.૧૦૯/૨૦૨૩

## **<u>વ્રાહીત  પક્ષકાર લીલુભાઈ લખમભાઈ ગોસીયાની દાવાના કામે પ્રતીવાદી તરીકે જોડવાની આંક–૧૧ ની અરજી લગત હુકમ</u>**

૧)  અરજી તથા રેકર્ડ વંચાણે લીધું. રેકર્ડ પરના વાદી તથા પ્રતીવાદી ના વિ.વ.શ્રી તથા સુચીત પક્ષકારના વ.શ્રીને સાંભળ્યા.

૨)  સુચીત પક્ષકાર હાલની અરજી રજુ કરી પોતાને આ દાવાના કામે પ્રતિવાદી તરીકે જોડવા દાદ માંગેલ છે. અરજી તથા તે લગત રજુઆતની ટુંકી હકીકત ધ્યાને લઈએ તો આ કામના વાદી તેઓના સગા ભાઈ થાય છે. તેઓના પિતા ગુજ. લખમ કરશનની ખેતીની જમીનના હકકપત્રક નોંધ નં. ૯૪૩ થી ભાયોભાગ પડેલ છે જેમા વાદીના ભાગે સર્વે નં. ૧૧૫/ પૈકી ૭ વાળી જમીન આવેલ છે જયારે પોતાના ભાગે સર્વે નં. ૧૧૫/ પૈકી ૬ તથા સર્વે નં. ૧૧૧/ પૈકી વાળી જમીન આવેલ છે. સર્વે નં. ૧૧૫/ પૈકી ૬ વાળી જમીનમા તેમના ગુજ. પિતા લખમ કરશનના નામનુ ગ્રાહક નંબર ૮૦૪૧૧૭૦૦૨૭૭૭ વાળુ વિજ કનેકશન આવેલ છે જેનો ઉપયોગ તેઓ કરે છે. વાદીએ ખોટી રીતે તેઓને હેરાન કરવા માટે પ્રતિવાદી પીજીવીસીએલ જોડે મળી ખોટો દાવો કરેલ છે. તેમના દવારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ જુનાગઢ ખાતે આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ કેસ કરેલો જેમા સદર વિજ કનેકશન ફરીથી ચાલુ કરવાનો હુકમ કરેલ છે અને આ હુકમ મુજબ છેલ્લા વ્રણ વર્ષના બીલની રકમ તેમના ખાતામા જમા આપવા આદેશ કરેલ છે. વાદીએ ઈરાદા પૂર્વક તેઓને પક્ષકાર તરી જોડેલ નથી. તકરારી વિજ કનેકશન હાલના સુચીત પક્ષકારના ભાગે આવેલી જમીનમા આવેલ છે જેથી તે સંબંધે તેઓની ગેરહાજરીમા દાવામા કોઈ હુકમ થાય તો તેઓને અન્યાય થાય. હાલના સુચીત પક્ષકાર જરૂરી પક્ષકાર હોય અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

૩)  રેકર્ડ પરના પ્રતીવાદી પક્ષે હાલની અરજી લગત આંક– ૨૦ થી લેખીત વાંધા રજુ કરી રજુઆત કરેલ છે કે હાલના પક્ષકારને દાવાના કામે જોડવામા આવે તો નવા લીટીગેશન ઉભા થાય અને દાવાનુ સ્વરૂપ બદલાઈ જાય. હાલના પક્ષકાર કનેકશન ચાલુ કરાવવા માંગતા હોય તો તેમણે નવો દાવો કરવો જોઈએ તેમ જણાવી અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૪)  વાદીએ આંક– ૨૨ થી લેખીત વાંધા રજુ કરી દલીલ કરેલ છે કે, સુચીત પક્ષકાર ખુબ જ હોશીયાર અને અપ્રમાણીક છે. તેઓના પિતાની હયાતીમા સર્વે નં. ૧૧૫/ પૈકી ૬ અને ૭ વાળી

જમીન ભાયોભાગમા આવેલ છે. સુચીત પક્ષકારે કપટપુર્વક સદરહુ જમીનમાં કુવાની નોંધ કરાવી લીધેલ છે અને તેનુ વિજ કનેકશન આજે પણ તેમના પિતાના નામે છે. સદરહુ કુવાનુ વિજ બીલ આ કામના પ્રતિવાદીને અમોએ ભરપાઈ કરેલ છે. સુચીત પક્ષકારની જમીન અલગ છે. તેના ચતુર્દિશાના પુરાવા રજુ કરે તો જ સ્પષ્ટતા થઈ શકે માટે અરજી રદ કરવા વાદી વ.શ્રીએ રજુઆત કરેલ છે.

૫) સૌપ્રથમ વાદીની દાવાની હકીકત ધ્યાને લઈએ તો વાદીએ ગ્રાહક નંબર ૮૦૪૧૧ ૭૦૦૨૭૭૭ વાળા વિજ કનેકશન સંબંધે પીજીવીસીએલ પેટા વિભાગ ગ્રામ્ય માંગરોળ વિરૂધ્ધ હાલનો દાવો દાખલ કરેલ છે. વાદી તથા સચીત પક્ષકાર ગુજ. લખમભાઈ કરશનભાઈના દિકરાઓ હોવાની તથા તકરારી વિજ કનેકશન ગુજ. લખમભાઈ કરશનભાઈના નામે હોવાની હકીકત બિનતકરારી છે. દાવા અરજીના પેરા ૮ મા વાદીએ ઉપરોકત તકરારી વિજ કનેકશન વાદીના ઉપયોગનુ સ્વતંત્ર કબ્જા ભોગવટાનુ જાહેર કરવા તથા આ વિજ કનેકશન લીલુભાઈ લખમભાઈ(હાલની અરજીવાળા સુચીત પક્ષકાર) ના નામે કે તેમની જમીનમા ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો હુકમ ફરમાવવા દાદ માંગેલ છે. આમ વાદીએ માંગેલ દાદ હાલના અરજદારના હકક હિતને અસર કરતી હોવાનુ ફલીત થાય છે. તકરારી વિજ કનેકશન તથા કુવો વાદીના ભાગે આવેલ સર્વે નં. ૧૧૫/પૈકી ૭ મા જ આવેલ છે તે હકીકતની સ્પષ્ટતા કરતો કોઈ પ્રથમ દર્શનીય દસ્તાવેજી પુરાવો વાદીએ રજુ કરેલ નથી. સુચીત પક્ષકારે ગ્રાહક ફોરમ જુનાગઢની સમક્ષ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ તકરારી વિજ કનેકશન સંબંધે અરજી કરેલ જેનો હુકમ માર્ક ૧૩/૨ થી રજુ કરેલ છે જેમા વિજ જોડાણ તાત્કાલીક ચાલુ કરવાનો હુકમ કરેલ હોવાનુ જણાઈ આવે છે. અરજદારે તકરારી કુવો તથા તેનુ વિજ કનેકશન તેમના ભાગે આવેલ સર્વે નં . ૧૧૫/પૈકી ૬ વાળી જમીનમા આવેલ હોવાની તકરાર લીધેલ છે. આમ સદર તમામ હકીકતો ધ્યાને લેતા હાલના અરજદાર સદર દાવાના કામે જરૂરી પક્ષકાર હોવાની તથા તેમની ગેરહાજરીમા કોઈ હુકમ થાય તો તેઓના કાયદેસરના હકક અધીકારોને નુકશાન થાય તેવી રજુઆત વ્યાજબી જણાય છે. માટે સદર દાવાના ગુણદોષ પર નિકાલ અર્થે અરજદારને પક્ષકાર તરીકે જોડવા ન્યાયોચીત જણાતુ હોય ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:: હુકમ ::–**

– સુચીત પક્ષકારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

– હાલના અરજદાર લીલુભાઈ લખમભાઈ ગોસીયાને દાવાના કામે પ્રતિવાદી નં. ૨ તરીકે જોડવાનો હુકમ કરવામા આવે છે.

– વાદીએ દાવા અરજીમા જરૂરી સુધારી કરવો.

– વાદીએ આવતી મુદત તારીખ સુધીમા સુધારેલી દાવા અરજી રજુ કરવી.

હુકમ આજરોજ મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : માંગરોળ
તા. ૨૨/૦૧/૨૦૨૫

**(ચંગીઝ મસવર રાઠોડ)**
**મુખ્ય સીવીલ જજ**
**માંગરોળ**
**જી.જે.૦૧૨૩૮.**